# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૩/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 2830-8 તારીખ : 16-4-19

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
નકુમ કરશન રામજી રત્ના
મું. પો. : કનકપર , તા. : કલ્યાણપુર , જી. : દેવભૂમિ દ્વારકા,
મોબાઈલ : ૯૭૨૪૩૮૩૩૮૪
Pin - 361306

વિષય : ખેતીવાડી વીજ જોડાણ પુનઃ ચાલુ કરવા અંગે .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૫૩/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

1H

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખંભાળીયા.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વડાત્રા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com, E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૩/ક્વા–૦૪/૧૮–૧૯/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૫૩/ક્વા–૦૪/૧૮–૧૯**

અરજદાર: નકુમ કરશન રામજી રત્ના મું. પો. : કનકપર

રજૂઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ખંભાળીયા

રજૂઆત કરનાર: શ્રી આર.વી. સોમાણી કાર્યપાલક ઈજનેર – વિભાગીય કચેરી ખંભાળીયા

## :: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી – જામનગર

તારીખ: ૦૯/૦૪/૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯/૦૪/૨૦૧૯ ના રોજ ફોરમ કમિટી સમક્ષ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર નકુમ કરશન રામજી રત્ના ગામ: કનકપર ની અરજી ના નોંધણી નંબર :૫૩ક્વા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ ગ્રાહક નં. – ૮૮૯૧૧/૦૦૦૮૬/૮ વાળા ખેતીવાડી વીજજોડાણ ને – અમારા નામે પુનઃ ચાલુ કરાવવા માટે એમનેસ્ટી સ્કીમ – ૨૦૧૨ હેઠળ – સબંધક પેટા વિભાગીય કચેરી મા અરજી કરેલ છે, જે બાબતે ની લેખીત રજુઆત – તેઓએ માહે ઓકટોબર–૧૮ મા વિભાગીય કચેરી ને કરેલ છે.

૨.૧ અરજદારે એમનેસ્ટી સ્કીમમાં અરજી કરેલ હોવાથી – સદર ખેતીવાડી વીજજોડાણ ને પુનઃ ચાલુ કરવા માટે તેઓને ટપક પધ્ધતિ વસાવવાની થતી નથી. તેમ છતા – તેઓને ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે નુ ભાવપત્રક અપાયેલ નથી. ત્યારબાદ, તેઓએ બીજીવાર તા.૨૩–૦૨–૧૬ ના રોજ નવેસર થી અરજી નોંધાવેલ છે, આમ – સદર અરજી અન્વયે ભાવપત્રક અપાયેલ ન હોય – જીઈઆરસી ના નિયમ મુજબ – મળવા પાત્ર વળતર ની રકમ મંજુર તેમજ સત્વરે ભાવપત્રક આપવા અંગે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ડાભી મનજી દલવાડી રે. કનકપર મુકામે ગ્રાહક નંબર ૮૮૯૧૧.૦૦૦૮૬ .૮ થી ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા હતા. સદર જોડાણ પીડીસી થતાં અરજદાર દ્વારા પીડીસી આરસી માટે અરજી કરેલ પરંતું પીડીસી આરસી નું અંદાજપત્ર ના મળતા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

3.૧ અરજદાર કનકપર મુકામે સર્વે નંબર ૨૩૫ માં ગ્રાહક નંબર ૮૮૯૧૧.૦૦૦૮૬ .૮ થી ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા હતા. સદર જોડાણ તારીખ ૧૦.૦૭.૨૦૦૫ ના રોજ પીડીસી થયેલ .

3.૨ અરજદાર દ્વારા તારીખ ૩૧.૧૨.૨૦૧૨ ના રોજ એમનેસ્ટી યોજના ૨૦૧૨ હેઠળ રૂપિયા ૫૦૦૦/- ભરપાઈ કરી સમાધાન કરી પીડીસી આરસી માટે રૂપિયા ૨૦૦/- રસીદ નંબર ૧૬૬૨૧૩ તારીખ ૨૨.૧૧.૨૦૧૨ થી અરજી કરેલ.

3.3 ઉપરોક્ત મુદ્દા નં – ૩.૨ મુજબ અરજદારે ફરીથી તારીખ ૨૩.૦૨.૨૦૧૬ ના રોજ રૂપિયા ૨૦૦/- રસીદ નંબર ૧૩૪૯૭૬ થી ભરપાઇ કરી પીડીસી આરસી માટે અરજી કરેલ છે. જે અનુસંધાને વડતરા કચેરી દ્વારા આગળ ની કાર્યવાહી ન થતાં અરજદારે વિભાગીય કચેરીને તારીખ ૦૯.૧૦.૨૦૧૮ થી ફરીથી રજૂઆત કરેલ છે.

3.૪ ઉપરોક્ત મુદ્દા નં – ૩.૩ મુજબ સદર કેઈસમાં રેકોર્ડ તપાસતા વર્તુળ કચેરી દ્વારા પત્ર તા. ૧૫-૦૯-૧૬ થી વાંધા જવાબ ની પુર્તતા અર્થે પરત મોકલેલ જે બાબતે કોઈ કાર્યવાહી ન થયેલ નું જણાતા વડતરા કચેરી દ્વારા પત્ર તારીખ ૦૧.૦૩.૨૦૧૯ થી સદર વાંધા જવાબ રજૂ કરી પીડીસી આરસી ની મંજૂરી માટે મોકલેલ જે અનુસંધાને વર્તુળ કચેરી દ્વારા પત્ર તારીખ. ૨૯।૦૩।૨૦૧૯ થી પીડીસી આરસી ની મંજૂરી આપેલ.

3.૫ ઉપરોક્ત મુદ્દા નં – ૩.૪ મુજબ વડત્રા કચેરી દ્વારા એસ આર ન. ૧૧૮૦૮૯૭૨ જનરેટ કરેલ – જે અન્વયે અરજદાર ને અંદાજપત્ર તારીખ ૦૮.૦૪.૨૦૧૯ થી રૂપિયા ૭૪૩૫/- નું અંદાજપત્રક પાઠવેલ છે જે ભરપાઈ થયે આગળ ની કાર્યવાહી કરવામાં આવશે.

3.૬ આમ, સદર કેઈસમાં અરજદાર ને પીડીસી આરસી ગ્રાહક નંબર ૮૮૯૧૧.૦૦૦૮૬.૮ અન્વયે અંદાજપત્રક મળેલ હોય, આમ, તેઓની ફરિયાદ નું નિરાકરણ થતા અરજદારે તારીખ ૦૯.૦૪.૨૦૧૯ ના સમાધાન પત્ર માં સહી કરી આપેલ છે.

## : હુકમ:

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની મુદદા નં. ૨.૦ અને ૨.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૩.૦ થી ૩.૬ મુજબ ની વિગતે, અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૦૯–૦૪–૧૯ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી.

૪.૨ અરજદાર ની ફરીયાદને આ તબ્બક્કે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સ્વતંત્ર સભ્ય

(જે. બી. પારેખ)
કા.વા.ચેરપર્સન

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot